# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૫ ઉત્તર પ્રદેશના જૈન તીર્થો ભાગ-૧

વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ
તારીખ – ૧૪/૦૧/૨૦૨૩

આજે આપણે ઉત્તર પ્રદેશના તીર્થોની યાત્રાનો પ્રારંભ હસ્તિનાપુરના તીર્થથી કરીએ છીએ. હસ્તિનાપુર નો ઘણો ઇતિહાસ છે. માત્ર જૈન ધર્મમાં જ નહીં પણ વૈદિક સંસ્કૃતિમાં પણ હસ્તિનાપુર નો ઘણો આગવો ઇતિહાસ છે. આપણે સહુએ જાણ્યું જ હશે સમજયુ જ હશે મહાભારતકાળમાં  કૌરવોની રાજધાની રહી હતી આ હસ્તિનાપુર. તો જૈન ધર્મ શું કહે છે એના નામની પાછળ પણ એક ઇતિહાસ છે. ઋષભદેવ પ્રભુના 21 માં પુત્ર હસ્તી કુમાર ના નામે આ નગરનું નામ પડ્યું . હજી એક મત એવું પણ કહે છે કે ઋષભદેવના પુત્રોમાં એક કુરુ નામનો રાજા હતો અને તેમના જે પુત્ર હતા એનું નામ હસ્તી હતું અને તેના નામ ઉપરથી હસ્તિનાપુર નામ પડ્યું અને હસ્તિનાપુર નામનો દેશ પ્રસિદ્ધ થયો. અજીતનાથ શાંતિ સ્તવનમાં હસ્તિનાપુર વિશે ગાતા હોઈએ કે છીએ જાણતા જ હોઈએ છીએ અને એ ગામની કેવી સ્થિતિ સમૃદ્ધિ છે. એનું આલેખન ખૂબ સુંદર રીતે કર્યું છે આચાર્ય  નંદીશેણસૂરીજી મહારાજે. સાથે સાથે અલગ નામો જણાવ્યા છે  ગયપુર, ગજપુર, હ્ત્થીયણ, હત્થીયણગાઉપુર, હસ્તીનીપુર હસ્તીનપુર, હસ્તિનાપુર આદિ નામો જણાવવામાં આવ્યા છે. ઘણા બધા નામો આપણને ઇતિહાસમાં મળે છે.બધાના નામો  ગજ એટલે કે હાથીના ઉપરથી આ નામ રાખવામાં આવ્યું છે. એ બધા જ હાથીના પર્યાયવાચી નામ છે.

હસ્તિનાપુર નું મહત્વ જિન્ન શાસન માં પ્રારંભ થાય છે જ્યાં પરમાત્મા શ્રી ઋષભદેવ વિચારતા હસ્તિનાપુર પધાર્યા અને ત્યાં પરમાત્માનું 400 દિવસ નો વર્ષીતપનું પારણું થાય છે અને પ્રભુ દીક્ષા પછી અયોધ્યા થી વીચરી રહ્યા છે વર્ષથી ઉપર સમય વીતી ગયો છે પણ કોઈને

આહાર કેવી રીતે આપવો, ગોચરી કેવી રીતે વહોરાવવી તેની વિધિ ન જાણતા હોવાથી શ્રેયાંશકુમાર રે ખૂબ ભક્તિથી એ 400 દિવસની પૂર્ણાહુતિ બાદ અહીં પરમાત્માને ઇક્ષુ રસ દ્વારા પારણું કરાવ્યું, સુપાત્ર દાન શું હોય એની જાણ કરી અને તે દિવસથી આજ સુધી સુપાત્ર દાનની પ્રથા આપણા જૈનોમાં ચાલતી આવે છે તેનો પ્રારંભ આ ભૂમિથી થયો છે. આ ઘટનાના સ્મરણરૂપે  અહીં શ્રેયાંશ કુમારે અહીં ખૂબ ભવ્યાતિ ભવ્ય સ્તૂપ ની રચના કરી હતી અને ત્યાં શ્રી ઋષભદેવ ભગવાનની ચરણ પાદુકા ની સ્થાપના કરી હતી. એવો આપણા શાસ્ત્રકાર ભગવંતો નો ઉલ્લેખ છે કે અહીં આ નગરમાં આવા ભવ્યસ્તુપ ની રચના થઈ હતી. શાસ્ત્રકાર ભગવંતો કેટલું સરસ લખે છે ‘આ વિશ્વમાં સૌથી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કોઈ પાત્ર છે તો એ ઋષભદેવ પરમાત્મા છે, જે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિર્દોષ આહાર હતો એ ઈક્ષુ રસ છે અને ભાવ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એ શ્રેયાંશ કુમારના છે. બધા જ માં જો માંગવાથી કંઈ પ્રાપ્ત થતું હોય તો મને આટલું પ્રાપ્ત થાવ’ એવા ઉત્કૃષ્ટ ભાવ સાથે શ્રેયાંશ કુમારે જે ઋષભદેવ ભગવાનના પ્રપૌત્ર હતા, એમના હાથે જ જે સૌથી પહેલું સુપાત્ર દાનની પરંપરા અહીં હસ્તિનાપુર નગર થી શરૂ થઈ આજે પણ કેટલા કેટલા લોકો હસ્તિનાપુર નગરમાં એવો એક આગ્રહ રાખે છે કે તેઓ હસ્તિનાપુર નગરમાં જઈને તેમના વરસી તપનું પારણું કરે અને આપણે પણ એવા ભાવ મનમાં રાખીએ કે આજે નહીં તો કાલે આપણા એવા ભાવ જાગે. આપણે પણ વરસી તપ કરીએ અને એનું પારણું પણ પરમાત્માના છત્રછાયામાં એવા હસ્તિનાપુર નગરમાં થાય. અને અહીં આટલું જ પ્રાપ્ત થાય ઋષભદેવ સમાન પાત્ર મળે ઈક્ષુ રસ જેવો નિર્દોષ આહાર મળે શ્રેયાંશકુમાર જેવા અપૂર્વ ભાવ મળે.

હસ્તિનાપુર અનેક અનેક ચક્રવતીઓની રાજધાની રહી છે. બાર બાર ચક્રવર્તી રાજાઓ અહીં થયા છે એમાંથી ત્રણ તો આપણા તીર્થંકર પરમાત્મા હતા શાંતિનાથ ભગવાન,કુંથુનાથ ભગવાન અને અરનાથ ભગવાન. 12 ચક્રવર્તી રાજાઓ અહીં થયા એ બધાની જ રાજધાની હસ્તિનાપુર રહી છે. તો આ ઘણી ઘણી મહત્તા રહેલી છે. આપણામાં સૌથી મહત્વની જે વાત છે તીર્થંકરોની કલ્યાણક ભૂમિ આપણા ત્રણ ત્રણ પરમાત્મા ની ચાર ચાર કલ્યાણ ભૂમિ છે એટલે કુલ 12 કલ્યાણકોની આ ભૂમિ રહી છે. ૧૨ કલ્યાણકોથી આ ભૂમિ પાવન થઇ છે. એમ

કુલ  જન્મ, દીક્ષા તથા કૈવલ્ય કલ્યાણક શાંતિનાથ ભગવાન, કુંથુનાથ ભગવાન  અને અરનાથ ભગવાન ના આ ચારેચાર કલ્યાણક આ જ ભૂમિ પર થયા અને આ ભૂમિ એમના કલ્યાણકો દ્વારા પવિત્ર બની. માત્ર કલ્યાણક નહીં પણ તીર્થંકર પરમાત્મા ની વિચરણભૂમિ પણ બની. મલ્લીનાથ ભગવાનના અહીં સમોસરણ રચાયા હતા. અહીં શ્રી 6 રાજાઓને પ્રતિબોધ કરી અને એમને જૈન ધર્મી બનાવ્યા હતા. મુનિ સુવ્રત સ્વામી ભગવાન અહીં પધાર્યા અને ગંગદત્ત શેઠને કાર્તિક સ્વામીને અને સાથે સાથે અનેક અનેકોને સંયમ નો માર્ગ ગ્રહણ કરાવ્યો હતો. પાશ્વનાથ પ્રભુ પણ અહીં પધાર્યા હતા અને મહાવીર સ્વામી ભગવાને પણ આ નગરમાં પોટ્ટિલ અને  શિવરાજને દીક્ષા આપી હતી. તો આપણે વિચાર કરી શકીએ કે સૌથી પહેલો આદિનાથ પરમાત્મા ના વરસીનો તપની ભૂમિ, બાર બાર ચક્રવતીઓના કલ્યાણકો ની ભૂમિ અને તીર્થંકરોની વિચરણ ભૂમિ- આટલી બધી વિશેષતાઓ  એક તીર્થમાં જ્યાં હોય તો આ હસ્તીનાપૂર ર્તિથમાં છે. આજે આપણે આ જ તીર્થ ની યાત્રા કરવા જઈ રહ્યા છીએ તો એના ઇતિહાસમાં આપણે પ્રવેશ કરીશું

હસ્તિનાપુરના ઇતિહાસમાં આપણને સૌથી સારામાં થી વિસ્તૃત ઉલ્લેખ કોઈ તીર્થનો આપણને પ્રાપ્ત થાય છે તો એ વિવિધતીર્થકલ્પ છે, જે લગભગ 14 મી સદીમાં આચાર્ય શ્રી જિનપ્રભ સૂરીજી મહારાજ એ રચેલું છે અને તેઓ બતાવે છે કે હસ્તિનાપુર ગંગા નદીના તીરે આવેલું છે. અહીં આ નદીના કિનારે શાંતિનાથ ભગવાન, કુંથુનાથ ભગવાન, અરનાંથ ભગવાન, મલ્લીનાથ ભગવાન અને સાથે અંબિકાદેવીના એમ પાંચ સુંદર મંદિરો વિદ્યમાન છે. એ પણ ઇતિહાસથી જાણવા મળે છે કે માંડવગઢના પેથળડશા મંત્રીએ જે ૮૪ જૈન મંદિરો બનાવ્યા હતા સાથે સાથે અહીં આ તીર્થનો જીર્ણોદ્ધાર પણ કર્યો હતો. 17મી સદીમાં જે તીર્થ માળા રચાય હતી વિજય સાગરજી મહારાજ દ્વારા. તેમાં તેઓ લખે છે ‘પંચ નમો થુભ થાપના પંચ નમુ જીનમૂર્તિ’ હસ્તિનાપુર વિશે તેઓ લખે છે અને જણાવે છે કે અહીં પાંચ સ્તૂપો હતા અને પાંચ પાંચ જિનમૂર્તિઓ હતી એટલે 17મી સદી સુધી પાંચ સ્તૂપો પાંચ જિનમૂર્તિ વિદ્યમાંન હતી,૧૮મીં સદીમાં સૌભાગ્ય વિજયજી મહારાજ અહીં પધારે છે અને તીર્થમાલામાં પણ જણાવે છે કે અહીં ત્રણ સ્તુપો વિદ્યમાન હતા એટલે 18મી સદી સુધી પણ સ્તૂપો હતા. આજે માત્ર ને

માત્ર એક સ્તૂપ અહીં વિદ્યમાન છે. બાકી બધા જ સ્તુપો નાશ પામી ગયા છે. વર્તમાનમાં વિવિધ તીર્થ કલ્પમાં બતાવે છે કે એમ હસ્તિનાપુર પહેલા જેટલું વિશાળ નથી રહ્યું, શ્રીંક થયું છે આજે ગંગાના કિનારેથી 13 કિલોમીટર દૂર આવેલું છે અને ઉત્તરપ્રદેશના મેરઠ શહેરથી ૪૦ કિલોમીટર દૂર છે. અહીં જે ભવ્યાતી ભવ્ય શ્વેતાંબર અને દિગંબરોના મળીને કુલ 10 જીનાલય છે. દાદાવાડી અને સ્થાનકવાસી ના ઉપાશ્રય પણ છે. આ ભવ્ય તીર્થ ભૂમિ ની હવે આપણે યાત્રા કરીએ.

સહુથી પહેલા શ્વેતાંબર જિનાલયમાં મહત્વપૂર્ણ જિનાલય છે એ છે શાંતિનાથ ભગવાનનું જિનાલય. પરમાત્મા શાંતિનાથ ભગવાન નો ખૂબ આગવો ઇતિહાસ છે. તીર્થનો જે જીર્ણોદ્ધાર થયો છે પહેલા આ તીર્થ એટલું ભવ્ય નહોતું પણ એનો જે જીર્ણોદ્ધાર થયો એ 1872 ની આસપાસ માં કલકત્તા ના નિવાસી શેઠ પ્રતાપચંદ પારસન જોહરીએ કરાવ્યો હતો. પણ આજ જીર્ણોદ્ધારમાં પણ આપણે વર્તમાનમાં જોઈએ છીએ એવું ભવ્ય જિનાલય નહોતું. તત્કાલીન સંજોગોને લીધે જે લોકલ શિલ્પ કળા પ્રાપ્ત થઈ તે હિસાબથી આ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. જીર્ણોદ્ધાર બાદ આજના જિનાલય કેવું દેખાતું હતું એ એના ફોટામાં આપણે જોઈ શકીએ છીએ એવી ઉપયુક્ત ગરિમા આ તીર્થ અને પ્રાપ્ત થઈ નથી અને એ પણ આપણને ઇતિહાસમાં જણાવ્યું છે કે મૂળ શાંતિનાથ ભગવાનનું ગર્ભગૃહ હતું પણ કુંથું નાથ ભગવાન અને અરનાથ ભગવાન આ બે ભગવાનના જે ગર્ભ ગૃહ હતા એ નીચે હતા અને શિલ્પ શાસ્ત્ર અનુસાર નહોતા. એટલે કાલાન્તરે એનો જીર્ણોદ્ધાર કરવો અનિવાર્ય થઈ ગયો હતો. પરમાત્માની પ્રતિમા અકબર પ્રતીબોધક આચાર્ય શ્રી  હીર વિજયજી મહારાજના શિષ્ય શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાય આ 1589 માં પ્રતિષ્ઠિત કરી હતી. આ રીતે આ અત્યંત પ્રાચીન પ્રતિમા છે. આ જિનાલય ખૂબ સારી પરિસ્થિતિમાં ન કહી શકાય એવું હતું એટલે પંજાબ કેસરી આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરી શ્વરજી મહારાજ સંઘ યાત્રામાં અહીં પધાર્યા હતા ત્યારે જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરી હતી. ઈ.સ 1964 માં એનો  જીર્ણોદ્ધાર પૂર્ણ થયો અને શ્રીમદ વિજય સમુદ્રસુરેશ્વરજી મહારાજની નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા થઈ. એની ભવ્યતા આપણે સહુ જોઈ શકીએ છીએ.

મૂળનાયક ભગવાન શાંતિનાથની ડાબી બાજુની પ્રતિમા સીમંધરનાથ ભગવાનની પ્રતિમા છે જે આચાર્ય વિજય સેનસુરીજી મહારાજ દ્વારા ઈસ 1626 માં પ્રતિષ્ઠિત થઈ અને આજે 14મી અને 15 મી સદીની પ્રાચીન પ્રાચીન પ્રતિમાઓ પણ છે અને હાલમાં લગભગ એકસો વર્ષ પહેલા આચાર્ય શ્રી વલ્લભસૂરીશ્વરજી દ્વારા જે જે પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી તે પણ આ જિનાલયમાં વિદ્યમાન છે. પ્રાચીન ચરણ પાદુકાઓ જે શાંતિનાથ ભગવાનની કુંથુનાથ ભગવાન અને અર નાથ ભગવાનની છે જેમના ચાર ચાર કલ્યાણ કો અહીં થયા છે. એ સ્મૃતિ રૂપ ચરણ પાદુકાઓ ની સ્થાપના કરવામાં આવી છે.

એક પારણા અને કલ્યાણક મંદિર નું નિર્માણ કરવામાં આવ્યું છે. એની અંદર શ્રી ઋષભદેવ પરમાત્માની ઈક્ષુરસ થી જે પારણું થયું હતું તેની પ્રતિકૃતિ રૂપ આત્માની પ્રતિમા સાત ફૂટ એક ઇંચની છે અને શ્રેયાંશ કુમારનું છ ફૂટ સાત ઇંચ ની ભવ્ય પ્રતિમા છે એનું નિર્માણ કરવામાં આવ્યું છે . અહીં આચાર્ય શ્રી ઇન્દ્રસેનસુરીથી મહારાજ દ્વારા 1978 માં પ્રતિષ્ઠા કરવામાં આવી . આને કલ્યાણક મંદિર પણ કહેવામાં આવે છે કારણકે આ જિનાલયમાં બારે બાર કલ્યાણ કોના ભવ્ય આરસ આરસ પાષણમાં ચિત્રપટ બનાવવામાં આવ્યા છે. તેના આપણે આપણે આ જીનાલયમાં દર્શન કરી શકીએ છીએ. ડાબી બાજુમાં પારણા કલ્યાણક મંદિર છે અને જમણી બાજુમાં શ્રી મહાવીર સ્વામી પરંપરા મંદિર જે ભગવાન શ્રી મહાવીરની ચોમુખી પ્રતિમા બિરાજમાન છે. હવે જે સ્થળેથી આદિનાથ પરમાત્મા નું પારણું થયું હતું એને આજે નિશિયાજી કહેવામાં આવે છે અને ત્યાં આજે પણ સ્તૂપ વિમાન છે. જે સ્મૃતિરૂપે અહી નિર્માણ કરવામાં આવ્યો હતો. આજે ઘણો બધો જીર્ણોદ્ધાર થઈ ગયો છે. ઉપર ચિત્રપટો નિર્મિત થઈ ગયા છે પણ અહીં પ્રાચીન ચરણ પાદુકા આજે પણ બિરાજમાન છે, શ્રી શાંતિનાથ જિનાલયથી આ બે કિલોમીટર દૂર સ્થિત છે અને અહીં ચારે દિશામાં પ્રદક્ષિણા પથમાં જઈ શકીએ અહીં ચારે દિશામાં ચાર ચાર ચરણ સ્થાપિત કરવામાં આવ્યા છે એમાં શાંતિનાથ ભગવાન, કુંથુ નાથ ભગવાન, મુનિ સુવ્રત સ્વામી ભગવાન, અરનાથ ભગવાન, મલ્લીનાથ ભગવાન, મહાવીર સ્વામી ભગવાન, પાર્શ્વનાથ ભગવાન આ સહુના ચરણચિન્હ અહીં બિરાજમાન કરવામાં આવ્યા છે અને આ સ્તૂપનો જીર્ણોદ્ધાર પ્રતિષ્ઠા આચાર્યશ્રી વિજય

નિત્યાનંદસુરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં ઈ.સ 1998 ના રોજ સંપન્ન થઈ હતી. નીશીયાજીમાં જીનાલયનું ખુલ્લુ બાંધકામ છે ચારે તરફથી એ ખુલ્લું ઝાડીઓમાં  છે અને ભગવાન ઋષભદેવના ચરણ પાદુકા પણ છે.

આગળ જતા અષ્ટાપદની ભવ્યાતિ ભવ્ય રચના આપણને જોવા મળે છે શ્વેતાંબરિય મંદિર છે જૈન શાસ્ત્રમાં ઉલ્લેખિત કરવામાં આવ્યું હતું અષ્ટાપદ કેવું હતું એ વિચારને ધ્યાનમાં રાખીને હસ્તિનાપુરની ધન્ય ભૂમિ પર એનો આકાર આપવામાં આવ્યો છે. 160 ફૂટ વ્યાસ અને એક 108 ઊંચાઈ ધરાવતા આઠ પદ વાળો અષ્ટપદ પર્વત અહીં બનાવવામાં આવ્યો છે. ધ્વજ સાથે જો આપણે એની હાઈટ માપીએ તો 151 ફૂટ ની એની હાઈટ છે. એની રચનામાં સાથે બે ચાર આઠ અને દસ જીન બીમ્બ એટલે કે 24 ભગવાનોને બિરાજમાન કરવામાં આવ્યા છે. મૂળનાયક શ્રી પરમાત્મા આદિનાથની પ્રતિમા બિરાજમાન છે અને ઉપરમાં જે જિનાલય છે, જે  આઠ પગથિયા છે એના ઉપર રચનામાં એમાં અષ્ટાપદ ની રચના કરવામાં આવી છે. પણ જે નીચેનો ભાગ છે અંદરનો ભાગ છે એની અંદર સમોસરણ ની રચના કરવામાં આવી છે અને તેમાં શ્રી આદિનાથ ભગવાનની ચતુર્મુખી પ્રતિમા ની સ્થાપના કરવામાં આવી છે. ચતુર્મુખ પ્રતિમા વિદ્યામાન કરવામાં આવી છે. આ સમોસરણ મંદિરમાં આદિનાથ ભગવાનનો સંપૂર્ણ પરિવાર- એમના માતા પિતા, બે પત્નીઓ, બંને પુત્રીઓ અને 99 પુત્ર સાથે ભરત ચક્રવર્તીની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવી છે. પર્વતની બહાર દર પગથિયામાં 501 501 અને 501 તાપસ એટલે કે કુલ 1503 તાપસ ની મૂર્તિઓ બીજા ત્રીજા અને ચોથા પદ પર સ્થાપિત કરવામાં આવી છે. જેવી રીતે શાસ્ત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે એવી જ રીતે આ અષ્ટાપદ પર્વત તીર્થ નું નિર્માણ કરવામાં આવ્યું છે. આ તીર્થની પ્રતિષ્ઠા પણ ઇસવીસન 2009 માં આચાર્ય શ્રીમદ વિજય નિત્યાનંદ સુરીશ્વરજી મહારાજ આદિ આચાર્યોની નિશ્રામાં સંપન્ન થઈ હતી.

સૌથી જે પ્રાચીન દિગંબર મંદિર છે એ છે દિગંબર જૈન બડા મંદિર. ઈ.સ 18 01 માં આ જીનાલય નું નિર્માણ કરવામાં હતું .રાજા હરસુખ રાય દ્વારા જે એ સમયના દિલ્હીના મોગલ

બાદશાહ હતા શાહ આલમ દ્વિતીય તેના ખજાનચી હતા. તેઓએ આ જિનાલય નું નિર્માણ કર્યું હતું. એ સમયમાં જ્યારે આ જીનાલય નું નિર્માણ કરવામાં આવ્યું હતું ત્યારે દિલ્હીથી પાર્શ્વર્નાથ પ્રભુની સ્થાપના અહીં મૂળ નાયક રૂપે કરવામાં આવી હતી. પણ 1857માં થયેલા વિપ્લવ ત્યારે ગદરમાં આ પ્રતિમાજી લૂંટાઈ ગયા હતા. બાદ વર્તમાન માં ભગવાન મૂળનાયક રૂપે બિરાજમાન છે એ દિલ્હીના ધર્મ પુરા વિસ્તારના મંદિરમાંથી લાવવામાં આવ્યા હતા. આ પ્રતિમા પણ ખૂબ જ પ્રાચીન છે. 1492 માં જીવરાજ પાપડીવાલ દ્વારા આ પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી, ભટ્ટારક જીનચંદ્ર દ્વારા. આ મંદિરની સ્થાપત્ય ખૂબ જ છે એક જ ગર્ભ ગૃહ જેવી રચના છે જેની અંદર આ પ્રાચીન જીવરાજ પાપડી વાલ દ્વારા નિર્મિત પ્રતિમા જેના દર્શન આપણને થાય છે. મંદિરની ઠીક પાછળ તીન મૂર્તિ મંદિર બિરાજમાન છે એની અંદર એક ભવ્યથી ભવ્ય પાંચ ફૂટ 11 ઇંચ કાયોત્સર્ગ મુદ્રામાં શાંતિનાથ ભગવાનની અતિ ભવ્ય અતિ પ્રાચીન પ્રતિમા અહીં બિરાજમાન છે. 70 વર્ષ પહેલા અહીં નીશીયાજી ના સ્થાપના ખોદકામ કરતાં પ્રાપ્ત થઈ હતી. આ 12 મી સદીની પ્રતિમા છે જે અજમેરના દેવપાલ સોની દ્વારા હસ્તિનાપુરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. આ પ્રતિમાની વિશેષતા જોઈએ તો એની ઉપર હાથીઓની રચના કરવામાં આવી છે ચામરધારી ઈન્દ્રોની રચના કરવામાં આવી છે પુષ્પ માળા લઈને આવતા દેવોની રચના કરવામાં આવી છે જે જે નીચે જે શ્રાવક શ્રાવીકાઓ છે એની રચના કરવામાં આવી છે. એની ઉપર ચામરધારી ઈન્દ્રની રચના કરવામાં આવી છે.અને ખૂબ જ ભવ્યાતિ ભવ્ય પરિકર સાથે શાંતિનાથ ભગવાનની પ્રતિમા અહીં બિરાજમાન છે. આ 12 મી સદીની છે જેના આપણને દર્શન થાય છે.

અહીં ચોથી સદીનો એક ભવ્યાતિ ભવ્ય પટ છે. આ પટની અંદર 170 તીર્થંકરોની પ્રતિમાનું અંકન કરવામાં આવ્યું છે. આ ચોથી સદીનો પટ્ટ છે અહીંના કોઈ ગામથી પ્રાપ્ત થયો હતો. આજ દિગંબર બડા જૈન મંદિરના પરિસર ની અંદર નંદીશ્વરદ્વિપની રચના કરવામાં આવી છે એ ખૂબ જ આકર્ષક છે. જેની ૧૯૮૫ માં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. નંદીશ્વર દ્વીપની બંને બાજુએ ભગવાન શાંતિનાથ અને અરનાથ ભગવાનની 40 વર્ષ પહેલા ખોદકામ કરતા પ્રાપ્ત થયેલી મૂર્તિઓ, બે વેદીઓમાં સ્થાપિત કરવામાં આવી છે.40 વર્ષ પહેલા ખોદકામ કરતાં

પ્રાપ્ત થયેલી પરમાત્માની પ્રતિમા સાથે અંબિકાદેવીની પણ પ્રાચીન પ્રતિમા આપણને પ્રાપ્ત થઈ છે આ પ્રતિમાના મસ્તક ઉપર શ્રી ભગવાન નેમિનાથની પ્રતિમા છે. વિવિધ તીર્થ કલ્પને આપણે જો યાદ કરીએ તો એમાં પણ આપણે એનો ઉલ્લેખ મળે છે. આ સંભવિત એ અંબિકાદેવીની મૂર્તિ હોઈ શકે એની દિગંબર બડા મંદિરમાં સ્થાપના કરવામાં આવી છે.

બડા મંદિરમાં આપણને અન્ય સ્થાપત્ય પણ મળે છે 31 ફૂટ ઊંચો માનસ્તંભ, જે 1955 માં સ્થાપિત કરવામાં આવ્યો હતો.મલીનાથ ભગવાનના સમવસરણની પ્રવૃતિ ભવ્ય રચના મળે છે મહાવીર સ્વામીના જળમંદિર ની રચના કરવામાં આવી છે. બાહુબલીજીનું મંદિર, પાર્શ્વનાથ ભગવાનનું મંદિર અને વિષ્ણુ કુમાર મુનિની ડેરી પણ અહીં આપણને મળે છે. આ મંદિર છોડીને દિગંબરોનું ભવ્ય જંબુદ્વીપ મંદિર છે એ આપણને અહીં મળે છે. એમાં આખા ની રચના કરવામાં આવી છે એટલે અહીં આપણે બધા જઈ શકીએ છીએ નૌકા વિહારની પણ અહીં વ્યવસ્થા કરવામાં આવી છે. જૈન ભૂગોળ ના અનુસાર જમ્બૂદ્વીપની જે રચના છે એ ગોળાકાર આકારની છે. અહીં વચ્ચે સુમેરુ પર્વત છે તે 101 ફૂટ ઊંચો બનાવવામાં આવ્યો છે. અને તેના ઉપરથી આપણે જોઈ શકીએ કે જબુદ્વીપ ની રચના કેવી દેખાય છે એનો મૂળભૂત વિચાર એ હતો કે જ્ઞાનમતી માતાજી દ્વારા 19 72 માં તેનું નિર્માણ કરવામાં આવ્યું છે અને 1985 માં આ કાર્ય પૂર્ણ થયું. જ્ઞાનમતી માતાજીનો ઉદ્દેશ્ય હતો કે બધા જ ભક્તોને આ બ્રહ્માંડ  વિશે જ્ઞાન પ્રાપ્ત થાય એ એમનો હેતુ હતો. તે ઉદ્દેશ્યથી આ મંદિરની સ્થાપના તેઓએ કરી હતી. જંબુ દીપ મંદિરમાં મંદિર છે સાથે કમળ આકારના ભવ્ય મંદિર છે, તીન લોકનું મંદિર છે અને સાથે સાથે તેર દ્વિપની રચના પણ છે સાથે સાથે એક જ્ઞાનમંદિર પણ આ જમ્બુદ્વિપ પરિસરમાં છે. દિગંબર સમાજ દ્વારા એક કૈલાશ પર્વતની રચના પણ કરવામાં આવી છે જે 131 ફૂટ ઊંચું છે.જેમ આપણે અષ્ટાપદ કહીએ છીએ એમ તેઓ કૈલાશ પર્વત કહે છે. પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ ભગવાનને એ સમર્પિત છે. જેનું ઈ.સ 2006 માં નિર્માણ થયું હતું. આ સંકુલમાં અલગ અલગ પ્રકારના નાના વિવિધ જૈન મંદિરો યાત્રી નિવાસ ભોજનશાળા સભાગૃહ અને હેલીપેડ ની આદિ વ્યવસ્થા છે..

હવે અહિચ્છત્રાતીર્થની વાત કરીએ તો આ તીર્થ અતિ પ્રાચીન તીર્થ છે. જેનો ઉલ્લેખ આપણને પ્રાચીન આગમોમાં મળે છે સાથે સાથે પાશ્વનાથ ભગવાનની ઉપસર્ગ ભૂમિ પણ રહી છે. જ્યાં પ્રાચીન સ્તૂપ પણ વિદ્યમાન છે એવા આ અહિચ્છત્રાતીર્થની યાત્રાનો પ્રારંભ કરીએ.

વર્તમાનમાં ઉત્તર પ્રદેશના બરેલીના જિલ્લામાં રામનગર ગામમાં આ તીર્થ સ્થિત છે. જ્ઞાતા ધર્મકથા, શ્રી આચારાંગ નિયુક્તિ, શ્રી કલ્પસૂત્રમાં આ તીર્થનો ઉલ્લેખ આપણને જોવા મળે છે. આચારાંગ નીરયુક્તિમાં જોઈએ તો સાથે ગજપદ અષ્ટાપદગીરી ઉજયંતગીરી તીર્થો સાથે અહિચ્છત્રા તીર્થનું પણ નામ આપવામાં આવ્યું છે એટલે આપણે માની શકીએ છીએ કે એ કેટલું ઈમ્પોર્ટન્ટ હશે આ તીર્થ પ્રાચીનકાળમાં. ઉદ્યોતનસૂરી મહારાજ દ્વારા કુવલયમાલાની રચના કરી છે એ  અનુસાર એમણે જણાવ્યું છે કે  ગુપ્ત રાજ્યના હરિગુપ્ત અહીં દીક્ષા લીધેલ છે. દિગંબર માન્યતા પ્રમાણે તો અહીં પાર્શ્વનાથના બે કલ્યાણકો અહી થયા છે. પાર્શ્વનાથ ભગવાનની તપ અને કૈવલ્ય ભૂમિ અને 24 તીર્થંકરોની આ વિચરણભૂમી રહી છે. અરનાથ ભગવાનના તો અહીં બે કલ્યાણકો થયા છે દીક્ષા અને કેવળ જ્ઞાન બંને અહીં થયા હતા. 24 તનારોના વિચરણનું અહીં શાસ્ત્રમાં ઉલ્લેખ મળે છે. આમ દિગંબર માન્યતા પ્રમાણે આ તીર્થ ખૂબ જ મહત્વનું છે. આચાર્યજી શ્રી જીનપ્રભ સુરીશ્વરજી મહારાજ વિવિધ તીર્થ કલ્પમાં આનો વિસ્તૃત ઉલ્લેખ બતાવે છે.

અહીં અહિચ્છત્રા નો અર્થ નાગફણા અથવા નાગના ફણાની છત્રી એવો થાય છે. એ પરથી અહીં છત્રા નામ પડ્યું છદ્મસ્થ અવસ્થામાં દીક્ષા લીધા પછી પાર્શ્વનાથ ભગવાન વિચારતા વિચારતા શંખાવટી નગરીમાં પહોંચે છે અને ત્યાં કાઉસગ ધ્યાને ઊભા રહ્યા ત્યારે કમઠ નામક પૂર્વભવના વેરી અસુરે ઉપસર્ગ કરવા અવિચ્છન ધારાથી વર્ષા કરી. જ્યારે ભગવાનને નાસિકા સુધી પાણી આવી પહોંચ્યું ત્યારે ધરણેન્દ્ર નામના નાગરાજ  આવીને પોતાની ફણા ઉપર ભગવાનને ઉપાડી મસ્તક પર બિરાજમાન કરે છે. ત્યારથી આ નગરીનું નામ અહિચ્છત્રા પડ્યું છે. વિવિધ તીર્થ કલ્પમાં આચાર્ય જીનપ્રભ સુરીશ્વરજી મહારાજ ઉલ્લેખ કરે છે કે અહીં પાશ્વનાથ ભગવાનનું એક મૂળ ચૈત્ય હતું. સાથે સિધ્ધ ક્ષેત્રમાં આવેલું ધરણેન્દ્ર પદ્માવતી યુક્ત શ્રી

પાર્શ્વનાથ ભગવાનનું બીજું મંદિર હતું. અહીં એક કિલ્લો હતો એની પાસે અંબિકાજીની મૂર્તિ હતી,સ્થાપિત કરવામાં આવી હતી. અહી મીઠા પાણીના સાત કુંડો હતા અને અનેક પ્રકારની ઔષધીઓ વાળા વન,ઉપવન અહીં વિદ્યમાન હતા.

પૂરાતાત્વિક દ્રષ્ટિએ અહિચ્છત્રાતીર્થને જોઈએ તો કે એની પ્રાચીનતા કેટલી છે. અહીં પુરાતન કિલ્લાથી ઉત્તરમાં કંઈક દૂર કટારી ખેડા નામે વિસ્તારમાં ટેકરી છે. તેમાંથી કેટલીક જૈન મૂર્તિઓ અને જૈન સ્તૂપ મળી આવ્યા છે સ્તૂપ પાશ્વનાથ પ્રભુના સમયનું છે.આ જૈન સ્તૂપ ઈસવીસન પૂર્વે આઠમી સદીનો છે. એ સ્તૂપની અંદર કુષાણકાલીન ઘણી બધી પ્રાચીન પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. નંદીઘોષજીનો એક આયગપટ પણ પ્રાપ્ત થયો છે જે ઇસીની પહેલી સદીનો પટ છે. એટલે તે કેટલો પ્રાચીન છે તેનું આપણે અહીં અનુમાન લગાવી શકીએ છીએ. તે મૂર્તિઓ ઉપર કનિષ્ક સંવત ચાલીસ અને 74 ના ઉલ્લેખ મળી આવે છે એટલે જે કુષાણ કાલના રાજાઓ હતા. સંવતના એટલે કે ઇસીની પહેલી બીજી સદીના જો પ્રતિમાઓ અહીંથી આપણને પ્રાપ્ત થઈ હતી એટલે કે પુરાતાત્વિક દ્રષ્ટિએ થી પણ અહિચ્છત્રાતીર્થ ઘણું ઘણું પ્રાચીન છે અહીં એક પ્રતિમા પ્રાપ્ત થઈ છે જેનો ડાબી બાજુનો અમુક ભાગ ખંડિત થયેલો છે. આ પ્રતિમા પભાસન પર ધ્યાન મુદ્રામાં બેઠેલી છે. પભાસનની બે બાજુએ એક એક સિંહ અને વચમાં ધર્મચક્ર તેમજ આજુબાજુમાં કેટલાક સ્ત્રી પુરુષ વંદન કરતા બતાવ્યા છે. પદ્માસન ઉપર બ્રાહ્મી લિપિમાં લેખ છે. આ મૂર્તિ નગ્ન છે.  કોટીગણ અને ઉચ્ચ નાગરિક શાખા એ જૈન શ્વેતાંબરીય ઘણું અને શાખા છે. લેખમાં સ્પષ્ટપણે કોટીગણ અને ઉચ્ચ નાગરિક શાખાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ પ્રતિમા નગ્ન હોવા છતાં પણ શ્વેતાંબરીય છે એવું ઉલ્લેખ આપણને અહીં મળે છે. આ તીર્થનો 17મી સદી પછી વિચ્છેદ થયો હતો પછી આ તીર્થ ભુલાઈ ગયું હતું પણ આત્મવલ્લભ પરંપરા ના આચાર્ય શ્રી પ્રકાશચંદ્ર સુરીશ્વરજી મહારાજના શિષ્ય શ્રી પદ્મ ચંદ્ર સુરીશ્વરજીચંદ્ર  મહારાજની નિશ્રામાં આ તીર્થનો પુનરોદ્ધાર થયો. એમને ખૂબ ખૂબ અથાગ પ્રયત્નો કર્યા. આ નિર્જળભૂમિ ઉપર ઘણા ઘણા ચાતુર્મસ કર્યા. બારમા વર્ષના અન્તે પ્રયત્ન પછી પાશ્વનાથ ભગવાનની મૂળ પ્રતિમા વગેરે 32 પાર્શ્વ બીંબોની પ્રતિષ્ઠા ઈસ. 2005 માં કરી. વિશાલ પરિસરમાં અને સુંદર શિલ્પ કલામાં નાગર શૈલીની શિલ્પ કલામાં

ત્રણ શિખર યુક્ત જિનાલય નું નિર્માણ કરવામાં આવ્યું છે. હાલમાં 2017માં આચાર્ય શ્રી વિજય નિત્યાનંદસુરીશ્વરજી મહારાજની નિશ્રામાં અન્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી. અહિચ્છત્રા પાર્શ્વનાથ ભગવાન કાયોત્સર્ગ મુદ્રામાં બિરાજમાન છે નીલ વર્ણના પાષણમાં તેમની ભવ્યતિ ભવ્ય પ્રતિમા છે. તે અન્ય બે લુદરાવા પાર્શ્વનાથ અને ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાન પણ સ્થાપવામાં આવી છે શ્વેતાંબર જિનાલય માં ધરણેન્દ્ર દેવ અને પદ્માવતી દેવી પણ બિરાજમાન છે  એમની સુંદર કલાયુક્ત પ્રતિમાના દર્શન થાય છે. આ હાલમાં જ નવનિર્મિત તીર્થ છે.

હવે પ્રાચીન જે દિગંબર જિનાલય છે અહિચ્છત્રાતીર્થના એની વાત કરીએ તો ઇસવીની દસમી શતાબ્દી નું જિનાલય અહીં આપણને મળે છે, જે રાજા વસુપાલ દ્વારા નિર્મિત હતું અને કાળા પાષાણમાં આ પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા નિર્માણ કરવામાં આવી હતી. સામાન્ય બોલચાલમાં એ ‘તીખાલ વાલે બાબા’ના નામે પ્રસિદ્ધ છે અને હાલમાં જ 1975 માં તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. આ લાખો લોકોની અથાગ શ્રદ્ધા નું કેન્દ્ર છે. ઉત્તર પ્રદેશના એક રિપોર્ટના તારે આધારે દર વર્ષે અહીં અંદાજિત પાંચ લાખ લોકો દર્શન કરવા આવે છે. ખૂબ જ વિશાળ પરિસરમાં દિગંબરના જૈન મંદિરો આવેલા છે. મૂળ વેદીમાં તીખાલવાલે બાબા અહિચ્છત્રા પાર્શ્વનાથ ભગવાન ની પ્રતિમા બિરાજમાન છે એની સાથે પાછળમાં કમટ સાથે ઉપસર્ગ ની પણ પ્રતિકૃતિ છે. સાથે સાથે દિગબરોમાં એ પણ ઈમ્પોર્ટન્ટ છે જાણવાનું કે આ પરંપરામાં અહીં પાર્શ્વનાથ ભગવાનની તપ અને કેવળ જ્ઞાન કલ્યાણ આ બે કલ્યાણક ની ભૂમિ પણ માનવામાં આવે છે. શ્વેતાંબર પરંપરા આ બંને બનારસમાં થઈ હતી પણ દિગંબર પરંપરા અનુસાર બંને કલ્યાણક અહિચ્છત્રામાં થયા હતા. સાથે સાથે આ જ પરિસરમાં એક 30 ચોવીસી મંદિરનું નિર્માણ 2002માં થયું હતું. દરેક કાળના 24 તીર્થંકરોની કુલ ૭૨૦ મૂર્તિઓ 10 કમળની પાંખડીઓમાં સ્થાપિત છે મૂળ નાયક ભગવાન પાશ્વનાથની પદ્માસનની અંદર સાડા તેર ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરવામાં આવેલી છે. બીજું એક અલગ ચોવીસી મંદિર છે એ નો વિસ્તાર એક લાખ અઠ્યાસી સ્ક્વેર ફીટમાં છે. અહીં તમામ તીર્થંકરોના અલગ અલગ મંદિરો બનાવવામાં આવ્યા છે વિશાલ પાર્ક ની અંદર આ જીનાલયનું મંદિર નિર્માણ કરવામાં

આવ્યું છે. પાશ્વનાથ અને પદ્માવતી દેવીનું મંદિર પણ આવેલું છે જેનું નિર્માણ 2007માં કરવામાં આવ્યું હતું. મંદિરના મધ્યભાગમાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે અને તેની બંને બાજુ ધરણીધર અને પદ્માવતી દેવીની મૂર્તિઓ છે.

આમ અહી આજે આપણે ઉત્તરપ્રદેશના બે મહત્વના તીર્થો હસ્તિનાપુર અને અહિચ્છત્રાતીર્થની જાણકારી પ્રાપ્ત કરી.

*****************************************************************